# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૩/૧૦/૨૦૧૯

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## કરવેરા સમાધાન યોજના ૨૦૧૯ માટે ચેમ્બરની રાજયના નાણાંમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સમક્ષ અસરકારક રજૂઆત, નાણાંમંત્રીશ્રીનો સકારાત્મક પ્રતિભાવ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇના નેજા હેઠળ ચેમ્બરના તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતા, રિપ્રેઝન્ટેશન સેલના હેડ શ્રી હેમંત દેસાઇ અને ચેમ્બરની એમ.એસ.એમ.ઇ. કમિટીના ચેરમેન શ્રી પંકજ ત્રિવેદી સહિતના પ્રતિનિધિ મંડળે આજરોજ ગાંધીનગર ખાતે રાજયના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી તેમજ નાણાંમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની રૂબરૂ મુલાકાત લઇ 'કરવેરા સમાધાન યોજના ૨૦૧૯' વિશે અસરકારક રજૂઆત કરી હતી. જે અંગે માનનીય નાણામંત્રીશ્રીએ ખૂબ જ સકારાત્મક અભિપ્રાય આપી ઇન્ડસ્ટ્રીના લોકો વધુમાં વધુ આ યોજનાનો લાભ લઇ શકે તેના માટે આ યોજનાના પ્રમોશન માટે ચેમ્બરને પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે રાજય સરકાર દ્વારા વેરા, વ્યાજ અને દંડ સહિતની બાકી રકમની વસૂલાતના કેસોનો નિકાલ થાય તે માટે કરવેરા સમાધાન યોજના જાહેર કરી છે. જો કે, આ યોજનાની જાહેરાત બાદ તેના અમલીકરણમાં ઘણો સમય લાગી ગયો હોવાથી તેની સમય મર્યાદા પ્રવર્તમાન મંદીનું વાતાવરણ તેમજ તહેવારોને ધ્યાનમાં લેતા લંબાવવી જોઇએ તે અંગે રજૂઆત કરી હતી. સાથે જ વિવાદ અરજી દાખલ કરવા સમયે પ્રિ ડિપોઝીટ તરીકે ભરેલી રકમ લાભાર્થીને કરવેરા યોજનાના ભરણા સામે મજરે આપવા અનુરોધ કર્યો હતો.

વેરા સમાધાન યોજના સંપૂર્ણપણે સફળ નીવડે તે માટે ચેમ્બર દ્વારા ખૂબ જ મહત્વના સૂચનો પણ કરવામાં આવ્યા હતા. જેવા કે આ યોજનામાં ત્રણ વિભાગોને બદલે નિયમિત વેપારી અને એન્ફોર્સમેન્ટ એમ બે જ વિભાગ કરવાની જરૂરિયાત છે. યોજના પહેલા ભરેલી રકમને પૂરેપૂરી મજરે આપી બાકી રહેતી ભરવાની

રકમ ભર્યાથી વ્યાજ અને દંડનુ સંપૂર્ણ રેમીશન આપવામાં આવે. વેરાની સંપૂર્ણ રકમ ભરવામાં આવે તો દંડનુ સંપૂર્ણ રકમનું રેમીશન જારી કરવુ. વિવાદ સંપૂર્ણપણે અથવા અંશતઃ પરત ખેંચવા બાબતે વિવાદકર્તાના અબાધિત હકોને હાનિ ન પહોંચે તે બાબતને ધ્યાનમાં લેવામાં આવે. અરજી નકારવામાં આવે તો તેને સાંભળવાની પ્રક્રિયા કાયદા અનુસાર જારી રાખવી જોઇએ.

આ ઉપરાંત વર્ષ દીઠ રૂપિયા ૨૫ હજાર સુધીની વસૂલાતના કેસો રેમીશન આપી મુકત કરવા. અરજીમાં સુધારા – વધારા કરવાની સત્તા અરજદાર તેમજ સક્ષમ નોડલ અધિકારીને આપવી. રાજય સરકાર સમક્ષ પડતર વેરો/વ્યાજ/દંડ અંગેની રેમીશન અરજીઓનો નિકાલ સત્વરે લાવવો. ભુલ સુધારણાની પડતર અરજી હોય તો તેનો નિકાલ લાવી માંગણાની રકમ નિશ્ચિત કરવી. કામચલાઉ આકારણી / ઇશ્યુ બેઇઝ્ડ આકારણીનો સમાવેશ રેગ્યુલર આકારણીમાં તાત્કાલિક કરવો અને વસૂલાત અંગેની રકમ ચોકકસ નકકી કરવી. જી.આર. સેલ તબકકે પડતર દફતરનો નિકાલ કરી વિવાદને આખરી નિર્ણય આપવો. આકારણી આદેશ અનુસંધાને બેંક ટાંચ મુકી રકમ વસૂલ કરવામાં આવી હોય તેવી રકમ આ યોજના હેઠળ ભરેલી રકમ તરીકે મજરે આપવી.

પડતર વિવાદ અરજી અંગે યોજનાના લાભાર્થીને રજૂ કરેલા મુદ્દા પૈકી જે કોઇ મુદ્દા પૂર્ણ તેમજ અંશતઃ લાભ મળવાપાત્ર થતો હોય બાકી ભરવા જોગ રકમ માટે વેરા સમાધાન અરજીનો સ્વીકાર કરવો. અગાઉ આ યોજના હેઠળ કરેલી અરજીઓ પડતર હોય તો તેનો સમાવેશ આ યોજના હેઠળ કરવો. આકારણી / વિવાદ કાર્યવાહીમાં જો વેરો સંપૂર્ણ ભરાયેલ હોય અને માત્ર વ્યાજ અને દંડ જ બાકી રહેતુ હોય તો માત્ર સમાધાન યોજનામાં શૂન્ય રકમ ભર્યે અરજી કરવાથી તેવી વ્યાજ અને દંડની રકમ સંપૂર્ણ માફ કરવી.

ઇ પેમેન્ટના સમયમાં ભરવામાં આવતી રકમ આ યોજના હેઠળ છે તેમ ગણી ચલણ ઉપર કરવેરા સમાધાન લખવાનો આગ્રહ રાખવો નહી. સિસ્ટમ જયાં સુધી વર્કીંગમાં ન આવે ત્યાં સુધી ઓફલાઇન અરજી પણ સ્વીકારવામાં આવે. કરવેરા સમાધાન યોજના સંદર્ભમાં રાજય સરકાર વેપારી વર્ગ, કરવેરા નિષ્ણાંત, વિવિધ વેપારી એસોસિએશનો પાસેથી પ્રશ્નો મંગાવી તે અંગે FAQ તૈયાર કરાવી તેને પ્રસિદ્ધ કરાવવી અને યોજના અંગે આદેશ નિર્ધારીત સમયમાં ન કરવામાં આવે તો આદેશ અનુમતિથી પસાર થયેલ છે તેમ ગણવો.

પ્રમુખશ્રીએ કહયુ હતુ કે, ઉપરોકત બાબતે ચેમ્બર દ્વારા કરવામાં આવેલી રજૂઆત અને સૂચનોને માનનીય નાણાંમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા અને આ અંગે સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. સાથે જ તેમણે વેપારીઓ આ યોજનાનો વધુમાં વધુ લાભ લઇ શકે તેના માટે ચેમ્બરને પણ પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો.